કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

## રાજ્યમાં વધુ ૧૨૯૫૫ નવા કેસ : ગાંધીનગરમાં ૩૦૬ : અમદાવાદમાં ૪૨૪૮

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૫ ૬ મે, ૨૦૨૧, ગુરૂવાર; ચૈત્ર વદ - ૧૦ પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# સાવધાન : દેશમાં હજુ ત્રીજી લહેરની શક્યતા

## કોરોના સંક્રમણ વચ્ચે વૈજ્ઞાનિક સલાહકાર વિજય રાઘવનની ચેતવણી : ત્રીજી લહેર માટે તૈયાર રહેવા સલાહ

નવી દિલ્હી, તા. ૫

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર વચ્ચે હવે ત્રીજી લહેરને લઈને તૈયારી શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર વિજય રાઘવને કહ્યુ કે, દેશમાં કોરોનાની ત્રીજી લહેર પણ આવશે. પરંતુ તે ક્યારે આવશે તેનો ખ્યાલ નથી. પરંતુ નવી લહેરોની તૈયારી શરૂ કરવાની જરૂર છે.

કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર વિજય રાઘવને પત્રકાર પરિષદમાં કહ્યુ કે, ભારતમાં કોરોનાની ત્રીજી લહેર જરૂર આવશે, તેનો કોઈ રોકી શકશે નહીં. પરંતુ આ લહેર ક્યારે આવશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ આપણે તે માટે તૈયાર રહેવું પડશે.

કેન્દ્ર સરકારે કહ્યું કે, કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસોમાં કમીના સંકેત જરૂર મળ્યા છે, પરંતુ ૧૨ રાજ્યોમાં હજુ પણ ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવે બુધવારે કહ્યુ કે, દેશના ૧૦ રાજ્યોમાં પોઝિટિવિટી રેટ ૨૫ ટકાથી વધુ છે અને હજુ તેમાં વધુ કામ કરવાની જરૂર છે.

લવ અગ્રવાલે જણાવ્યુ કે, એક દિવસ પહેલાના મુકાબલે ૨.૪ ટકા કેસ વધ્યા છે તો કોઈ રાજ્યમાં વધુ મોત થયા છે. સંયુક્ત સચિવે પત્રકાર પરિષદમાં કહ્યું, ઘણા રાજ્યોમાં એક દિવસ પહેલાના મુકાબલે મોતોમાં વૃદ્ધિ જોવા મળી છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર, દિલ્હી, હરિયાણામાં વધુ મોત થયા છે.

### મમતા બેનર્જીએ બંગાળના મુખ્યમંત્રી પદના શપથ લીધા

નવી દિલ્હી, તા. ૫

વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા બાદ મમતા બેનર્જીએ આજે (બુધવારે) ત્રીજી વખત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે જ ફરી એક વખત બંગાળમાં મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસની સરકાર બની ગઈ છે. કોરોના સંકટ અને તેની ગાઈડલાઈન્સના કારણે શપથ ગ્રહણ સમારંભ ખૂબ જ નાનો એવો રાખવામાં આવ્યો હતો.મમતા બેનર્જીએ એકલાએ જ શપથ ગ્રહણ કર્યા છે અને કોઈ મંત્રીએ તેમના સાથે શપથ ગ્રહણ નથી કર્યા.

## ચીને અંતરિક્ષમાં છોડેલું રોકેટ બેકાબૂ

### વિશ્વ ચિંતિત : ૨૧ ટનવાળું રોકેટ કોઈ રહેણાંક વિસ્તારમાં પડશે તો મોટી તબાહી મચાવી શકે છે, અમેરિકા ચીનના આઉટ ઓફ કંટ્રોલ રોકેટને ટ્રેક કરવામાં લાગ્યું

વોશિંગ્ટન,તા.૪

દુનિયાને કોરોના મહામારીમાં ધકેલનારા ચીને અંતરિક્ષના બાદશાહ બનવાની સનકમાં વધુ એક સંકટને જન્મ આપ્યો છે. ચીન દ્વારા છોડવામાં આવેલું રોકેટ અંતરિક્ષમાં બેકાબૂ બન્યું છે અને તે ધરતી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે જો ૨૧ ટનવાળું આ રોકેટ કોઈ રહેણાંક વિસ્તારમાં પડશે તો મોટી તબાહી મચાવી શકે છે. જો કે અમેરિકા ચીનના આ આઉટ ઓફ કંટ્રોલ રોકેટને ટ્રેક કરવામાં લાગી ગયું છે. સીએનએનના એક રિપોર્ટમાં કહેવાયું છે કે પેન્ટાગન અનિયંત્રિત ચીની રોકેટને શોધી રહ્યું છે.



અમેરિકી રક્ષા વિભાગના પ્રવક્તા માઈક હોવર્ડે કહ્યું કે ચીનનું લોંગ માર્ચ ૫બી રોકેટ પૃથ્વીના વાયુમંડળમાં ૮ મેના રોજ પ્રવેશ કરે તેવી શક્યતા છે. તેમણે કહ્યું કે યુએસ સ્પેસ કમાન્ડ રોકેટને ટ્રેક કરવાના ભરપૂર પ્રયત્નો કરી રહી છે જેથી કરીને જોખમને કંઈક હદે ટાળી શકાય. હોવર્ડે કહ્યું કે સટીક રીતે એ અનુમાન લગાવવું મુશ્કેલ છે કે રોકેટ પૃથ્વમાં ક્યાંથી પ્રવેશ કરશે પરંતુ સ્પેસ સમાન્ડ તેને ટ્રેક કરી રહ્યું છે. ચીને ૨૯ એપ્રિલેના રોજ લોંગ માર્ચ ૫બી રોકેટ લોન્ચ કર્યું હતું પરંતુ અંતરિક્ષમાં ગયા બાદ તે કાબૂ બહાર જતું રહ્યું. વૈજ્ઞાનિકોએ આશંકા વ્યક્ત કરી છે કે આ રોકેટ ગમે ત્યાં પડી શકે છે. આ રોકેટ એક મોડ્યૂલ લઈને સ્પેસ સ્ટેશન ગયું હતું. મોડ્યૂલને નિર્ધારિત કક્ષામાં છોડ્યા બાદ તેણે પૃથ્વી પર પાછા ફરવાનું હતું પરંતુ હવે ચીન આ રોકેટ પરથી નિયંત્રણ ગુમાવી ચૂક્યું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે રોકેટની ઝડપ અને સતત બદલાઈ રહેલી ઊંચાઈના કારણે એ જાણવું મુશ્કેલ થઈ પડ્યું છે કે તે ધરતી પર ક્યારે, કયા દિવસે અને ક્યાં પડશે.

## કોરોનાના કેસમાં ફરી ઉછાળો, એક દિવસમાં ૩.૮૨ લાખ નવા કેસ

નવી દિલ્હી,તા.૫

કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા ૫ મેના રોજ જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૮૨,૩૧૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩,૭૮૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૦૬,૬૫,૧૪૮ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૧૬,૦૪,૯૪,૧૮૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૬૯ લાખ ૫૧ હજાર ૭૩૧ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩,૩૮,૪૩૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩૪,૮૭,૨૨૯ એક્ટિવ કેસો છે.

બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૨,૨૬,૧૮૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ



મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ મે સુધીમાં ભારતમાં કુલ ૨૯,૪૮,૫૨,૦૭૮ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.


## મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા આભારદર્શન

આપણું ગાંધીનગર... વિકસતું ગાંધીનગર..



મારા વ્હાલા નગરજનો,

આપ સર્વેના આશિર્વાદથી તા.૧૫/૦૪/૨૦૧૯ થી તા.૦૫/૦૫/૨૦૨૧ સુધી એટલે કે, ૨ વર્ષ અને ૨૦ દિવસ સુધી મેયર તરીકે આપની સેવા કરવાનું અમોને સૌભાગ્ય મળેલ છે. આ સમયગાળા દરમ્યાન માર્ચ-૨૦૨૦ થી અત્યાર સુધી એટલે કે, ૧૪ માસનો સમયગાળો કોવિડ-૧૯ ની ભયંકર વૈશ્વિક મહામારી વચ્ચે આપણે સહુએ પસાર કર્યો છે. આમ, ૨ વર્ષના સમયગાળા દરમ્યાન વિકાસની સાથે સાથે સ્વાસ્થ્યનો મુદ્દો પણ એટલો જ મહત્વનો રહ્યો છે.

મેયર તરીકે અમોના કાર્યકાળ દરમ્યાન ગાંધીનગરની જનતાની સુવિધા માટે **રૂ.૧૦૦૦ કરોડથી** વધુ રકમના પ્રોજેક્ટ ગાંધીનગર મહાનગરપાલિકા અને તેની ભગીની સંસ્થા ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લીમીટેડ થકી કર્યા છે. જેમાંથી કેટલાંક પ્રોજેક્ટ પૂર્ણ થયેલા છે. જ્યારે કેટલાંક પ્રોજેક્ટ પ્રગતિમાં છે. ગાંધીનગર મહાનગરપાલિકાની **નવીન બિલ્ડીંગ, ઘ-૪ અન્ડરપાસ, ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર સહિતના** કામો પૂર્ણ થયેલ છે. **ગ-૪ ખાતે અન્ડરપાસ, રોડ નં.૬,૭ અને ઘ-રોડ છ માર્ગીય સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી, સેક્ટરોના એપ્રોચ રોડ ચાર માર્ગીય કરવાની કામગીરી, સેક્ટર-૭,૧૧,૧૭,૨૧ અને ૨૨ નાં રીંગરોડ ચાર માર્ગીય કરવાનું કામ તેમજ સેક્ટર-૨૧-૨૨ અને ૨૨-૨૩ નાં જંકશનનાં અન્ડરપાસનું કામ પ્રગતિમાં છે.** નગરજનો માટે સૌથી મહત્વની ગણાય તેવી સુવિધાઓ જેવી કે, **સમગ્ર શહેરને ૨૪x૭ પાણી પુરવઠો મળી રહે તેવું દેશનું પ્રથમ શહેર બનાવવાનું તેમજ સમગ્ર ગાંધીનગર શહેરની ગટર યોજનાના નવીનીકરણનું કાર્ય હાલમાં પ્રગતિમાં છે. ગાંધીનગર મહાનગરપાલિકા અંતર્ગત આવતા ૩૩ બગીચા પૈકી ૧૫ બગીચાના નવીનીકરણનું કામ પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૮ બગીચાનું કાર્ય પ્રગતિમાં છે. જ-રોડથી બાસણ ગામને જોડતા મોટા પુલનું ટેન્ડર પણ પ્રગતિમાં છે. સેક્ટર-૩૦ ડમ્પીંગ સાઈડ પર ૧૦ વર્ષ જુનો આશરે ૮૫૦૦૦ ટન** કચરાનો નિકાલ કરવામાં સફળ રહ્યા છીએ તથા શહેરની આંતરિક સફાઈ પણ શરૂ કરવામાં આવી છે. **શહેરના તમામ કોમર્શીયલ વિસ્તારમાં પાર્કિંગની સુવિધા કાર્ય પ્રગતિમાં.**

વિશેષ કરીને ગાંધીનગર શહેરમાં જે પ્રમાણે **પાણી,ગટર,રસ્તા અને સ્ટ્રીટ લાઈટોની જે પ્રમાણેની વ્યવસ્થા છે.** તેવી જ સુવિધાઓ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ **નવી ૧૮ ગ્રામ પંચાયત, ૧ નગરપાલિકા તેમજ ટી.પી. વિસ્તારમાં ઉપલબ્ધ કરાવવા માટે આશરે રૂ.૧૦૦૦ કરોડના કાર્યોનું અનેરુ આયોજન મહાનગરપાલિકાની વહીવટી પાંખ જોડે રહીને અમે કરાવેલ છે.** આ આયોજન કરવા અને તેનું ફંડ આપવા માટે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (જી.ડબલ્યુ.એસ.એસ.બી.) નો પણ ખુબ જ હકારાત્મક સહયોગ મળેલ છે.

આમ, બે વર્ષના ટૂંકા ગાળામાં અને તેમાં પણ ૧૪ માસની કોરોના મહામારીનાં વિકટ સમય વચ્ચે અમોએ રૂ.૧૦૦૦ કરોડના પ્રોજેક્ટ શરૂ/ પૂર્ણ કરાવી અને બીજા રૂ.૧૦૦૦ કરોડના જનતાની મૂળભૂત જરૂરીયાતના પ્રોજેક્ટ પાઈપલાઈનમાં લાવી પ્રાથમિક લેવલે તેનું આયોજન કરવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આમ ભારતીય જનતા પાર્ટીની અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં **"સૌનો સાથ, સૌનો વિકાસ"** નાં સુત્રને આપ સૌના સાથ અને સહકારથી અમોએ ચરિતાર્થ કર્યો છે.

કોવિડ-૧૯ ની મહામારીના સમયમાં વિકાસ કાર્યોની સાથે સાથે જનતાના દુ:ખમાં સહભાગી થઇ તેમની તકલીફોનું નિવારણ થાય તે મુજબની વ્યવસ્થા પણ અમોએ કરેલ છે. અમોને મેયર તરીકે જે વિવેકાધીન ગ્રાન્ટ મળે છે તેમાંથી અમોએ **બે ICU ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ, પાંચ વેન્ટીલેટર, ૧ શબવાહિની, અર્બન હેલ્થ સેન્ટરમાં જરૂરી સુવિધાઓ, તેમજ પ્રજાજનો માટે સેનીટાઇઝર, માસ્ક, ગ્લોવ્ઝ જેવી** મૂળભૂત જરૂરીયાતો પૂરી પાડી જનતાની સાથે રહી તેઓના દુ:ખમાં સહભાગી થવાનો પ્રયત્ન કર્યો છે. તદ્ઉપરાંત ગાંધીનગરની શોભામાં અભિવૃદ્ધિ કરતો **૩૦ મીટર ઉંચો રાષ્ટ્રધ્વજ, ગાંધીનગરમાં નવા આધુનિક બસ સ્ટેન્ડ,ભારતના લોહપુરૂષ શ્રી સરદાર પટેલ તેમજ વીર લડવૈયા મહારાણા પ્રતાપનાં સ્ટેચ્યુનું નિર્માણ મેયરની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે.** મેયર તરીકેના મારા કાર્યકાળ દરમ્યાન સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણનાં ભાવ સાથે મહાનગરના વિકાસ અને નગરજનોની સુખાકારી માટે બનતા તમામ પ્રયાસો અમોએ કર્યા છે.

ગાંધીનગર શહેરના પ્રથમ નાગરીકની અમારી જવાબદારી નિભાવવામાં શહેરને સ્વચ્છ, સુંદર તેમજ ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે અમોને સતત પ્રેરણારૂપ નીવડેલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, આપણા સાંસદ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ભાજપનાં પ્રદેશ નેતૃત્વ, ગાંધીનગર શહેર ભાજપ સંગઠન, કાર્યકર્તાઓ, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, વિરોધપક્ષના નેતા, ભાજપનાં તમામ કાઉન્સિલરો, વિરોધપક્ષના સભ્યો તથા ખાસ કરીને વહીવટી પાંખના વડા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ, ડે.મ્યુનીસીપલ કમીશ્નરશ્રી પ્રિતેશ દવે તથા તેમની નીચેના તમામ વહીવટી તંત્ર તેમજ નગરજનોનો સાથ અને સહકાર આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

અમોને આ ટર્મમાં મેયર તરીકે સેવા કરવાની તક આપવા બદલ ગાંધીનગરની જનતાનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરીએ છીએ. મારી આ અવિરત યાત્રામાં મીડિયાકર્મીઓ, પ્રિન્ટ મીડિયા તથા ઇલેક્ટ્રોનિક મીડિયાનાં મીત્રોનાં યોગદાનને હું કેવી રીતે ભૂલી શકું. આ સંચાર તંત્રે હંમેશા મને લોકોપયોગી કાર્યો કરવાની પ્રેરણા આપી છે. આપ સર્વેના સહકારથી જ ગાંધીનગરનાં વિકાસની અવિરત યાત્રા આગળ વધારવાનું શક્ય બન્યું છે. ૫મી મે ૨૦૨૧ નાં રોજ મારા મેયર તરીકેના કાર્યકાળ બાદ પણ હું ગાંધીનગરની જનતાની સેવા માટે સદાય પ્રયત્નશીલ રહીશ.

સમગ્ર દેશ આજે કોરોના સામે લડી રહ્યો છે ત્યારે હું ગાંધીનગરના સૌ નગરજનોને તમામ નાગરીકો સમયસર રસીકરણ કરાવવા, બિનજરૂરી ઘરની બહાર ના નીકળવા અને સરકારશ્રીની વખતોવખતની ગાઈડલાઈન્સનું પાલન કરવા નમ્ર અપીલ કરું છું.

**રીટા પટેલ**
મેયર, ગાંધીનગર

તમારુ અને અન્યોનું રક્ષણ કરો - રસીકરણ કરાવો

માસ્ક સાચી રીતે પહેરો | ૬ ફૂટનું અંતર જાળવો | હાથ વારંવાર ધુઓ